(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૫૯૧/૨૦૨૪**
**આંક:– ૧૫**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– શકિતસિંહ પિતા/પતિનું નામ:– બહાદુરસિંહ પરમાર

ઉ.વ.:– ૪૨

ધંધો:– પો.હેડ કોન્સ. સરનામુ:– હળવદ પો.સ્ટે. તા.હળવદ જી.મોરબી

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

**(૧)** તારીખ ૪/૬/૨૦૨૪નાં રોજ અમો તથા પો.હેડ કોન્સ. વીપુલભાઈ ભદ્રાડીયા તથા પો.કો. મનોજભાઈ તથા રણજીતસીંહ પો.ઈન્સ. આર.ટી.વ્યાસ સાહેબ સાથે ચરાડવા ઓ.પી. વીસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક ૨૩:૦૦વાગે અમોને બાતમી મળેલ કે, સફેદ કલરની મહીન્દ્રા બોલેરો ગાડી દેશીદારૂ ભરીને નડખંભા ગામથી મોરબી બાજુ જનાર છે જેથી અમોએ વ્યાસ સાહેબને તથા સાથેના પોલીસ સ્ટાફને હકીકતથી વાકેફ કરેલ અને વ્યાસ સાહેબે નજીકમાંથી બે પંચોને બોલાવી હકીકતથી સમજ કરી કલાક ૨૩:૧૫થી ૨૩:૩૦ સુધીનું પ્રાથમિક પંચનામું કરી ખાનગી વાહનમાં બેસી માણેકવાડા ચોકડી ડુંગરપુર જવાના રસ્તા પર વાહન ચેકીંગ કરતા હતા તે દરમ્યાન તારીખ ૫/૬/૨૦૨૪નાં કલાક ૦૦:૧૦ વાગે એક ફોરવ્હીલ વાહન આવતા તેને ઉભી રખાવેલ અને જોતા તે સફેદ કલરની મહીન્દ્રા કં પનીની બોલેરો ગાડી હતી જેથી તેના ડ્રાઈવરને નીચે ઉતારી પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતેપોતાનું નામ મહેશભાઈ બેચરભાઈ સારલા રહે. નળખંભા તા. થાન હોવાનું જણાવેલ અને આ ગાડીમાં આગળના ભાગે લગાવેલ નંબરપ્લેટ જોતા તેનો નંબર જીજે ૧૩ એઆર ૫૬૮૩ લખેલ હતો અને પાછળની નંબર પ્લેટ ન હતી. ત્યારબાદ આ ગાડીનું ચેકીંગ કરતા તેમાં સફેદ પ્લાસ્ટીકની ત્રણ મોટી થેલી પાછળના ભાગે હતી અને વચ્ચેના ભાગે પ્લાસ્ટીકની મોટી પાંચ થેલી હતી. ત્યારબાદ આ થેલીના મોઢા ખોલી સુંઘી સુંઘાડી જોતા ખાટી અને તીવ્ર પીવાના દેશી દારૂની વાસ આવતી હોય બધી કોથળીઓમાંથી સપ્રમાણસર થોડું થોડું પ્રવાહી લઈ એક કાચની બોટલમાં ૨૦૦ એમ.એલ. જેટલું પ્રવાહી ભરી લઈ પંચનામાની વીગતે પો.ઈ. હળવદના હોદાનું સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ અને આ બધી કોથળીઓમાંથી ૫ લીટરની ક્ષમતાવાળી કુલ ૮૦ કોથળીઓ હતી જે કુલ દેશી દારૂ ૪૦૦ લીટર એક લીટરની કીંમત રૂા. ૨૦/– લેખે કુલ રૂા. ૮૦૦૦/– ગણી દેશી દારૂ પંચનામાની વીગતે કબજે કરેલ અને બોલેરો ગાડીની કીંમત રૂા. ૨,૦૦,૦૦૦/– ગણી પંચનામાની વીગતે કબજે કરેલ. આ પંચનામું કલાક ૦૧:૦૦ વાગ્યા સુધીનું પો.ઈ. વ્યાસ સાહેબે કરેલું. બનાવ અંગે મેં હળવદ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવતા જોઈ કહુ છુ કે તેમાં મારી સહી છે. જે હું ઓળખું છું. અસલ ફરીયાદ રજુ દાખલ **આંક–૧૬**.

ત્યારબાદ હળવદ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. નીરુબેન આલે અમોની ફરીયાદના આધારે મહેશભાઈ સારલા સામે હળવદ પોલીસ સ્ટેશન સી.પાર્ટ ગું.ર.નં. ૪૫૩/૨૦૨૪થી તારીખ ૫/૬/૨૦૨૪નાં રોજ પ્રોહી કલમ ૬૫ઈ,૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

અમોને સોંપતા અમોએ આંક–૧૬ વાળી ફરીયાદ તથા આંક–૧૦વાળું પંચનામું મેળવી લીધેલ. ત્યારબાદ લાગતા વળગતા પોલીસ સાહેદના નીવેદનો નોંધી લીધેલ અને કબજે કરેલ મુદામાલ એફ.એસ.એલ. તપાસણી અર્થે રાજકોટ ખાતે મોકલી આપેલ. ત્યારબાદ આરોપી વીરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલું. આરોપીને જોયેથી ઓળખું છું. જે આજરોજ કોર્ટમાં હાજર નથી. આરોપી તર્ફે મુકિત અરજી રજુ છે.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી પી.એચ.પરમાર/એન.યુ.સોલંકી**

(૨) કલાક ૩:૦૮ વાગ્યા સુધી વિ.વ.શ્રીનો વારંવાર પોકાર કરાવવા છતા હાજર ન હોય જેથી ઉલટતપાસનો હકક બંધ કર્યો.

**ફેરતપાસ નથી.**

સ્થળ:– હળવદ.

તારીખ:– ૨૫/૮/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ